| GJBK060015562025 | દાખલ તારીખ : | ૧૦/૧૧/૨૦૨૫ | |
|---|---|---|---|
| | રજીસ્ટર કર્યા તારીખ : | ૧૦/૧૧/૨૦૨૫ | |
| | ફેસલ થયા તારીખ : | ૧૩/૦૩/૨૦૨૬ | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૪ | ૦૩ |

---

દિયોદરના મહે.એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુંદિયોદર

---

ક્રિમીનલ કેસ નંબર–૧૨૭૮/૨૦૨૫
આંક.૧૮

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– મુકંદરભાઈ નુરમહમંદભાઈ રાઠોડ(મુસલમાન)
રહે.ગાયત્રી સોસાયટી દિયોદર, તા.દિયોદર ,
જિ.વાવ–થરાદ.

તહોમત :– પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ,૧૧૬(૨), ૯૮(૨),મુજબ...

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી– એસ.આર.બ્રાહ્મણ
બચાવપક્ષે આરોપી વિ.વકીલશ્રી–એમ.એમ. સોલંકી

---

–: ચુકાદો:–

---

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૧૦/૨૦૨૫ ના ક.૨૦:૫૦ વાગ્યે આ કામના આરોપીની કબજા ભોગવટાની એકટીવામાં ભારતીય બનાવટના વિદેશીદારૂ તથા બીયર ટીનની બોટલ નંગ.૬૬ કિં.રૂા.૨૨,૭૪૪/–નો ગે.કા. અને વગર પાસ પરમીટનો રાખી એકટીવા કિ.રૂા.૨૫,૦૦૦/– તથા

અંગ ઝડતીમાંથી મોબાઈલ નંગ.૧ કિ.રૂા.૫૦૦૦/– તથા રોકડ રૂા. ૧૫૦૦/– એમ મળી કુલ રૂા. ૫૪,૨૪૪/– નો મુદામાલ સાથે વેચાણ કરતા રેઈડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ આ કામના આરોપીએ **પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ,૧૧૬(૨), ૯૮(૨),** મુજબનો શીક્ષાનેપાત્ર ગુનો અત્રેની અદાલતની હુકુમતમાં કરેલ છે. જે મતલબનું તપાસના અંતે ત.ક.અમલદારે આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સંમસ કરતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો સોંપવામાં આવેલી અને આરોપી ઉપર આક્ષેપિત ગુના સબબ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવતાં આંક–૦૬ થી લેવામાં આવેલ નિવેદનમાં તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, ફરિયાદપક્ષે ન્યાય નિર્ણય માટે સદર કેસ આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩) ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચ કમલેશકુમાર ગંગારામભાઈ ભાટી | ૦૮ |
| (૨) | પંચ ગણપતજી સોનાજી ઠાકોર | ૧૦ |
| (૩) | ફરિયાદી પ્રહલાદભાઈ પ્રેમાભાઈ અ.પો.કો. | ૧૧ |
| (૪) | ત.ક.અધિકારી રઘુભાઈ લક્ષ્મણભાઈ અ.હે.કો. | ૧૨ |
| (૫) | પો.સાહેદ મનીષકુમાર કરણભાઈ વસાવા પી.એસ.આઈ | ૧૭ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચનામું | ૦૯ |
| (૨) | ફરિયાદ | ૧૨ |
| (૨) | સુચિપત્રક | ૧૪ |
| (૪) | રવાનગી પત્રક | ૧૫ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુર્ણ થયાનું જાહેર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને આરોપી ઓએ વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેમની સામે ખોટો કેસ કરેલ છે તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) સદર કેસના ન્યાયચિક નિર્ણય અર્થે અત્રેની કોર્ટ દવારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

**મુદ્દા :–**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૧૦/૨૦૨૫ ના ક.૨૦:૫૦ વાગ્યે આ કામના આરોપીની કબજા ભોગવટાની એકટીવામાં ભારતીય બનાવટના વિદેશીદારૂ તથા બીયર ટીનની બોટલ નંગ.૬૬ કિં.રૂા.૨૨,૭૪૪/–નો ગે.કા. અને વગર પાસ પરમીટનો રાખી એકટીવા કિ.રૂા.૨૫,૦૦૦/– તથા અંગ ઝડતીમાંથી મોબાઈલ નંગ.૧ કિ.રૂા.૫૦૦૦/– તથા રોકડ

રૂ.૧૫૦૦/– એમ મળી કુલ રૂ. ૫૪,૨૪૪/– નો મુદામાલ સાથે વેચાણ કરતા રેઈડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ આ કામના આરોપીએ **પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ,૧૧૬(૨), ૯૮(૨),** મુજબનો શીક્ષનેપાત્ર ગુનો અત્રેની અદાલતની હુકુમતમાં કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

–: <u>કારણો</u> :–

<u>મુદ્દા નં.૧</u>

(૮) મુદ્દા નં.૧નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરુદઘના આક્ષેપિત ગુનાના આક્ષેપના સ્વરૂપને ઘ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપિત ગુનાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોયતેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે રહેલ છે. સદરહુ કામે પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદઘાંત અનુસાર આરોપી વિરુદઘનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ના થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગે કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી.

પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપિત સિદધાંતોને ધ્યાને લઈને રજૂ આ કામે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) **રેકર્ડ પર રજૂ પંચનામા અંગે :–**

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે **આંક.૦૮** થી પંચ કમલેશકુમાર ગંગારામભાઈ ભાટી તથા **આંક.૧૦**થી પંચ ગણપતજી સોનાજી ઠાકોરને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. આ પંચ સાહેદની જુબાની વંચાણે લેતાં, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત રેકર્ડ પર રજૂ થયેલ છે. આ પંચસાહેદો પંચનામાની વિગતમાં પંચનામામાં શું લખેલું ? તે વિશે તેઓ કાંઈ જાણતા નથી કે જણાવતા નથી. પંચસાહેદો માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પંચનામામાં વિશેષ કોઈ પુરાવો આપેલ નથી. જેથી, તેઓ બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી મેળવી પંચ સાહેદોની ઉલટતપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ ઉલટતપાસમાં તેઓશ્રી એવી કોઈ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર પંચસાહેદો **આંક.૦૯** થી રજૂ પંચનામાને સમર્થન કે અનુમોદન આપેલ ન હોય, સદર પંચસાહેદોની જુબાનીઓ ઉપરથી પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

(૧૦) **ફરિયાદપક્ષે રજૂ પુરાવા અંગે :–**

૧૦/૧) વધુમાં, ફરિયાદપક્ષે કેસ પુરવાર કરવા **આંક.૧૧ થી** ફરિયાદી પ્રહલાદભાઈ પ્રેમાભાઈ અ.પો.કો. નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. આ કામે ફરિયાદીની કોર્ટ રૂબરૂ રજૂ જુબાની વંચાણે લેતાં ફરિયાદીએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ પુરાવો આપી જણાવેલ છે કે, તા.૨૧/૧૦/૨૦૨૫ ના રોજ મે.પો.અધિકારીશ્રી વાવ થરાદની મૌખિક સુચના આધારે તેઓ પો.સ્ટાફના માણસો સાથે દિયોદર પો.સ્ટે. વિસ્તારના ગામડાઓમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા દિયોદર ખાતે આવતાં સાથેના અ.પો.કો. નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, દિયોદર રેલ્વે બ્રીજની બાજુમાં સદભાવના કોમ્પલેકસમાં છેવાડાની દુકાન પાસે આ કામના આરોપી નંબર વગરના એકટીવામાં ઈગ્લીસ દારૂ રાખી તેનું વેચાણ કરે છે.જે હકીકત આધારે સાથેના પી.એસ.આઈએ નજીકમાંથી બે પંચોને બોલાવી, તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો પંચો સાથે બાતમી વાળી જગ્યાએ જતાં આ કામના આરોપી એકટીવા સાથે હાજર મળી આવતા પંચો રૂબરૂ નામ ઠામ પૂછતાં મુકન્દરભાઈ નુરમહંમદભાઈ રાઠોળ જણાવેલ.ત્યારબાદ આ કામના આરોપીને બાતમી હકીકતથી વાકેફ કરી, એકટીવા ચેક કરતાં તેમાંથી અલગ અલગ કંપનીની ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલ નંગ–૬૬ કિં.રૂા.૨૨,૭૪૪/– નો પ્રોહી મુદામાલ ગે.કા. અને વગર પાસ પરમીટનો સીલબંધ હાલતમાં મળી આવેલ. જે સદર પ્રોહી મુદ્દામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. ત્યારબાદ આ કામના આરોપીની અંગ ઝડતીમાંથી મળી આવેલ વીવો કંપનીનો મોબાઈલ નંગ.૧ કિ.રૂા.૫૦૦૦/–

તથા ૧૫૦૦/– રોકડા તથા એકટીવા એન્જીન નં EK4GS1923711 તથા ચેસીસ નં. MD626AK41S1G33466 કિ.રૂા. ૨૫,૦૦૦/–નું ગણી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. જે અંગેનું વિગતવારનું પંચનામું તા.૨૧/૧૦/૨૦૨૫ ના ક.૨૦–૦૦ થી ૨૦.૫૦ સુધી પી.એસ.આઈ નાઓએ પંચોના લખાવ્યા મુજબ લીધેલ. જે સદર બનાવ બાબતે તેઓએ આરોપી વિરૂધ્ધ **પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ,૧૧૬(૨),૯૮(૨)**મુજબ શ્રીસરકાર તરફે ફરીયાદ આપેલી.

– ત્યારબાદ, બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલ નાઓએ ફરિયાદી ની ઉલટતપાસ કરતાં તેઓએ સ્વીકારેલ છે કે,બનાવ સમયે સ્થળ ઉપરથી મળી આવેલ ઈસમની ઓળખ અંગેના કોઈ આધાર પુરાવા તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે,બનાવવાળી એકટીવાના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ નહી.

૧૦/૨) ફરિયાદપક્ષે **આંક–૧૩ થી ત.ક.અમલદાર રઘુભાઈ લક્ષ્મણભાઈ** અ.હે.કો.નાઓને તેઓની સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, તા.૨૧/૧૦/૨૦૨૫ ના રોજ પી.એસ.ઓ.શ્રીએ પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં. ૦૯૫૦/૨૦૨૫ થી પ્રોહી એકટની કલમ– ૬૫ એએ,૧૧ ૬(૨),૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને ડેપ્યુટ કરતાં સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલી. ત્યારબાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. જે સદર ગુનાના કામે મુદ્દામાલ રવાનગી નોંધથી પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. જે રવાનગી

નોંધ રેકર્ડે રજૂ છે ત્યારબાદ આ કામના આરોપીને ગુનાના કામે અટક કરી મુદત અંદર જામીન મુકત કરેલા. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતો હોઈ ચાર્જશીટ કરેલ છે.

– ત્યારબાદ, બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલ શ્રી નાઓએ ત.ક. અમલદારની ઉલટતપાસ કરતાં ત.ક.અધિકારીશ્રી નાએ સ્વીકારેલ છે કે, તેઓ રેડમાં સાથે ન હતા. તથા સ્વીકારેલ છે કે, પકડાયેલ ઈસમની ઓળખ અંગેના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા તેઓની તપાસના કામે કબજે લીધેલ નથી. તથા સ્વીકારેલ છે કે, મુદ્યમાલ પરીક્ષણનો અહેવાલ આવેલ નથી.

૧૦/૩) આ કામે **આંક.૧૭ થી સાહેદ** મનીષકુમાર કરણભાઈ વસાવા પી .એસ.આઈ નાઓને તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તથા પો.સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં ફરિયાદીની સાથે હતા અને તેઓ તથા પંચોની હાજરીમાં આ કામના આરોપીના એકટીવામાંથી વિદેશીદારૂ બોટલ નંગ–૬૬ કિં.રૂા.૨૨૭૪૪/– નો પ્રોહી મુદામાલ મળી આવેલ. તથા આરોપીની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઈલ નંગ–૧, એકટીવા તથા ૧૫૦૦/– રોકડ રકમ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. જે અંગેનું વિગતવારનું પંચનામું તા.૨૧/૧૦/૨૦૨૫ ના ક.૨૦–૦૦ થી ૨૦.૫૦ સુધીનું તેઓએ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું તથા રૂબરૂપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ સદર ગુનાની ફરિયાદીએ ફરીયાદ આપેલી. જે ફરીયાદીએ ફરીયાદ આપી તે સમયે સેમ્પલ, પંચનામું તથા અન્ય મુદામાલ

પી.એસ.ઓ. સમક્ષ જમા કરાવેલ. તે અંગે તમારે શું કહેવું છે?

– બચાવપક્ષે વિ.વકીલશ્રી નાઓએ સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારી ગયેલ છે કે, બનાવ સમયે સ્થળ ઉપરથી મળી આવેલ ઈસમની ઓળખ અંગેના કોઈ આધાર પુરાવા તેઓની રેડ દરમિયાન કબજે લેવામાં આવેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે બનાવવાળી એકટીવાના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ નહી.

(૧૧) **<u>કેસનું સમગ્રલક્ષી મૂલ્યાંકન :–</u>**

૧૧/૧) રેકર્ડ પર રજૂ પુરાવો ધ્યાને લેતાં બચાવપક્ષે કરાયેલ ઉલટ તપાસમાં ફરિયાદી તથા ત.ક.અમલદાર જેઓ પોલીસ સાહેદ છે. આ કામે તપાસેલ તમામ સાહેદો સ્વીકારી ગયેલ છે કે, બનાવ સ્થળેથી મળી આવેલ ઈસમની ઓળખ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા કબ્જે લીધેલ નહી કે બનાવમાં સંડોવાયેલ મુદ્દામાલ ગાડીની માલિકી અંગેના કોઈ આધાર પુરાવા તેઓની તપાસના કામે કબજે લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે વૈજ્ઞાનિક પરીક્ષણનો અહેવાલ આવેલ નથી. આમ, ત.ક. અમલદારની જુબાની ધ્યાને લેતાં ત.ક.અમલદાર જેઓ પોલીસ સાહેદ છે વધુમાં, રેકર્ડ પર રજૂ ફરિયાદી તથા ત.ક. અધિકારીની જુબાની તથા રેકર્ડ વંચાણે લેતાં આ કામે ફરિયાદપક્ષે, બનાવવાળી જગ્યાએ સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં તેવા કોઈ જ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલા નથી. તેમજ, **રેકર્ડ પર રજૂ <u>ફરિયાદમાં પંચોના નામ સરનામા તથા</u> <u>પેટ્રોલીંગમાં વપરાયેલ વાહનનું વર્ણન તથા બનાવવાળી જગ્યાએ પહોંચવા તથા નિકળવાનો સમય જણાવેલ હોય તેવી હકીકત પણ પુરવાર</u>**

**<u>કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં, આ કામે કબજે કરેલ મુદ્દામાલનો એફ.એસ.એલ રીપોર્ટ પણ આ કામે રજૂ થયેલ નથી.</u>** ત્યારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી મહત્વની હકીકત પણ પુરવાર કરવા નિષ્ફળ રહેલા છે.

૧૧/૨) વધુમાં, ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલ વિદેશીદારૂ પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. જે અંગે વિગતવાર પંચનામું રજૂ થયેલ છે. આ કામે રેકર્ડે થયેલ પંચસાહેદોનો પુરાવો એકી સાથે જોવામાં આવે તો પોલીસે તેમને લખેલા કાગળમાં સહી કરવા કહેતાં, સહી કરી આપેલ હોવા બાબતને સમર્થન આપેલ છે. સદર ગુનાના કામે પંચનામું રજુ થયેલ, પરંતુ પંચનામાની વિગત પુરવાર કરેલ નથી. તેથી, રેકર્ડ પર રજૂ પંચનામું બિનપુરવાર રહેલ છે. સૌથી મહત્વની બાબત એ છે કે, આ કામે પકડવામાં આવેલ કેફી પદાર્થ વિદેશીદારૂ જ હતો તે બાબતે કોઈ એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ આ ગુનાના કામે ફરિયાદપક્ષ તરફથી પુરાવામાં રજુ કરવામાં આવેલ નથી.

૧૧/૩) આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદો ઈન્ટરેસ્ટેડ વીટનેશ ગણી શકાય. તેમ છતાં, જો તેઓની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોનું સમર્થન મળ્યુ હોત તો ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની જુબાનીને સર્મથનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાત. પરંતુ, જયારે સ્વતંત્ર સાહેદોનું ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. ત્યારે, એકમાત્ર પોલીસ સાહેદોની જુબાની તથા રજુ પુરાવાના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી. **વધુમાં, આરોપી પાસેથી મુદ્દામાલ પ્રોહી કબજે કરેલ છે તેવી હકીકત સાબિત કરવા માટે આજના ડિજીટલ યુગમાં જયારે**

**પોલીસ સાહેદો પાસે android mobile phone ઉપલબ્ધ હોય છે ત્યારે પંચો સિવાય અન્ય માધ્યમ જેમ કે ઈલેકટ્રોનિક પુરાવો વગેરેથી બીજો પુરાવો રજુ કરી કેસની હકીકત સાબિત કરી શકયા હોત.** પરંતુ, તપાસ કરનાર અધિકારી તરફથી આવી કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવું રેકોર્ડ જોતાં જણાઈ આવે છે.

૧૧/૪) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદઘ સુરેશભાઈ એસ.પટેલ જી.એચ.જે.૨૦૧૧ (૨૬) પેજ–૧ ધ્યાનમાં લેવો જરૂરી છે જેમાં ઠરાવેલ છે કે, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચસાહેદ ફરી જવાથી પણ જપ્તી અને ઝડતી પ્રોહીબીશનના કેસમાં beyond reasonable doubt પુરવાર થઈ શકે નહીં. Panch witnesses declared hostile–held, prosecution failed to establish case against accused- NO conviction can be based solely on the basis of evidence of complainant. જેમાં નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂકવાના ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાલના કેસમાં પણ પંચસાહેદો હોસ્ટાઈલ છે આ કામે ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકયો નથી કે કહેવાતો મુદ્દામાલ આરોપીઓના અનન્ય અને સભાન પણાના કબજામાંથી લેવાયેલ છે.

૧૧/૫) આમ, રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન અને કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવ રજૂ કરીને પોતાનો કેસ નિ:શંકપણે એટલે કે beyond reasonable doubt પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર હોય છે. ફોજદારી કાર્યવાહીમાં

ફરિયાદપક્ષે ગુનાની માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી. પરંતુ, ગુનો શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. પ્રોહિબીશન જેવા કેસમાં સૌપ્રથમ રેડ કરવામાં આવે છે અને તે રેડ દરમ્યાન ગુનો થતો જણાય તો તે અંગેનું પંચનામું કરી, પ્રતિબંધિત વસ્તુઓ અંગે અનુમાન કરવા માટે કાયદામાં વર્ણવેલ રીતથી પ્રતિબંધિત વસ્તુઓ કબજે લઈ તેના આધારે ફરિયાદ આપવામાં આવે છે. એટલ કે આવા કેસમાં પંચનામું એ પાયાનો પુરાવો બની જતો હોય છે અને ફરિયાદ પક્ષનો આધાર પંચનામા ઉપર રહે છે. એટલે કે, ફરિયાદપક્ષે પંચનામું સાબિત કરવું પડે અને જો પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ જાય અને પંચનામા જેવો પાયાનો પુરાવો સાબિત ન થયો હોય તો તેના આધારે કરવામાં આવેલી ફરિયાદનું કોઈ પુરાવાકીય મૂલ્ય રહેતું નથી. તે તમામ સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે.

(૧૨) જે રીતે ફરિયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ.એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો, આ કામે આરોપીના કબજા માંથી મુદ્દમાલ પ્રોહી વિદેશીદારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૩) વધુમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)ને ધ્યાને લેવામાં આવે તો તેમાં ઈગ્લીશ દારૂ હતો તેવું અનુમાન સાબીત કરવા માટે ઉત્પાદકનો કોઈ જવાબ પણ તપાસ કરનાર અમલદારશ્રીએ

લીધેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં અત્રેની અદાલત નામદાર ગુજરાત હાઈકોર્ટના ***ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત*** ના કેસમાં ***૧૯૯૨(૨) જી.એલ.એચ.(યુ.જે.) પાન નંબર–૧૧*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે કે જેમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે " જયારે પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલ ની ખરાઈ કરેલ ન હોય તે સંજોગોમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨) મુજબ અનુમાન થઈ શકે નહી અને તેથી આરોપીને સજા કરી શકાય નહી." હાલના કેસની હકીકતોને પણ ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદારશ્રીએ મુદ્ધામાલ ઈંગ્લીશ દારૂ બાબતે તેના ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે તે બોટલ સીલબંધ હોવા છતાં તેના સીલ અંગેની કોઈ સરખામણી પણ કરેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત નામદાર વડી અદાલતના ચુકાદાના આધારે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)નું અનુમાન થઈ શકે નહી તેમ સ્પષ્ટ ઠરાવેલ હોઈ અને આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવો જોતાં મુદ્ધામાલ રીકવરી અંગેના પંચનામાના પંચ સાહેદે મુદ્ધામાલ રીકવરી અંગેના પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ નથી કે આ કામે ઉત્પાદકનો પણ કોઈ જવાબ લેવા્માં આવેલ નથી કે તેઓને હાલના કામે તપાસવામાં પણ આવેલ ન હોઈ પુરતા પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૪) આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર બોમ્બે હાઈકોર્ટના ***સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂદ્ધ ઓનકાર મનીક પાટીલ*** ના કેસમાં ***૧૯૭૯ ક્રિમીનલ લો રીપોર્ટર મહારાષ્ટ્ર ૪૨૧*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે " જયારે પંચ સાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય

નહી. " હાલના કામે મુદ્દામાલ કબજે કરેલ હોવા બાબતનું પંચનામું કરવામાં આવેલ છે, પરંતુ સ્વતંત્ર પંચોની સોગંદ ઉપરની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષ સદર પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તે સંજોગોમાં હાલના કામે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને રાખતાં, પોલીસ સાહેદના પુરાવાનું કોઈ વિશેષ મુલ્ય રહેતું નથી અને હાલના કેસના ગુણદોષ ઉપર તેની કોઈ અસર પડે તેમ જણાતું નથી. આમ, તમામ ચર્ચા કર્યા અનુસાર હાલના કેસમાં ફરીયાદ મુજબનો આક્ષેપિત મુદ્દામાલ આ કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલાની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી અને ફરીયાદ પક્ષે જે કાર્યવાહીથી આરોપી પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે ફરીયાદ પક્ષે નિઃશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ સજાનેપાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ આરોપીને સજા થઈ શકે નહી તેમ મારૂં માનવું છે અને તે સંજોગોમાં મુદૃા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદૃા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: <u>આખરી હુકમ :–</u>

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી મુકંદરભાઈ નુરમહમંદભાઈ રાઠોડ(મુસલમાન) નાઓને પ્રોહીબીશન એકટની કલમ **૬૫એએ, ૧૧૬(૨),૯૮(૨),** મુજબના સજાને પાત્ર ગુના માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૪૮૧(૧) ની જોગવાઈઓ અન્વયે દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ **એકટીવા તથા મોબાઈલ નંગ–૧** અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ બીનશરતી કાયમ રાખવો. જો આવો કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો મુદ્દામાલના એકટીવા તથા મોબાઈલ નંગ–૧ તેના મૂળ માલિકની ખરાઈ કરી ત.ક.અધિકારીશ્રીએ સદર મુદ્દામાલ તેના મૂળ માલિકને પરત કરવો.

– સદર ગુનાના કામે કબજે કરેલ રોકડ રકમ અંગે આરોપીએ કોઈ કલેઈમ ન કરતા હોય, સદરહું રોકડ રકમ **જ.મુ.પા.નં. ૩૯૯/૨૦૨૫ તા.૨૧/૧૦/૨૦૨૫ ના પાના નં.૨** માં જણાવ્યા મુજબની રકમ રૂા. ૧૫૦૦/– શ્રી સરકાર ખાતે જમા કરાવવી.

(૪) આ કામે કબજે કરેલ મુદ્દામાલ વિદેશીદારૂ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દિયોદર
તારીખ:૧૩/૦૩/૨૦૨૬

(રાજેન્દ્ર ઘનશ્યામભાઈ બારોટ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દિયોદર, બનાસકાંઠા.
કોડનં.જીજે.૦૦૫૭૨